ચ.સૂ.અ.૨ માં આપેલ ૨૮ યવાગુઓના વર્ણન માં આવતા અને અગાઉ ની બે PDF માં સમાવિષ્ટ ના થયેલ વાનસ્પતિક દ્રવ્યો નો સચિત્ર પરીચય...
1.पिप्पलीमूल 2.चव्य 3.चित्रक
4.दधित्थ 5.चांगेरी 6.दाडिम 7. ह्रीबेर 8.उत्पल
9.अतिविषाम् 10.कण्टकारी 11.सुवर्चिका 13.
मृद्वीका 14.सारीवा 15.लाजा 16.सोमराजी
17.गवेधुक 18.तिला 19. कुश 20.अम्ला
21.श्यामाकानां22.माष
23.जम्ब्ब 24.आम्रास्थि 25.क्षार 26.हिंगु
27.अम्लवेतस 28.उपादिका.
... યવ એટલે કે જવ ને છ ગણાં પાણી માં રાંધી ને જે પીવાય એવો સૂપ🍵 જેવું બનાવાય એને યવાગૂ કહે છે; એની થીકનેસ પર થી એના જુદાં જુદાં પ્રકાર કહેલ છે પેયા,વિલેપી,યૂષ...
ચ.સૂ.અ.2 માં જુદી જુદી યવાગૂ માં ઘી/ તેલ / મધ/ છાશ/ અને अम्ल (? કાંજી)ઉપરાંત પ્રાણીજ માંસ માં वराह, गव्य, गोधा,ताम्रचुड દર્શાવેલ છે. ખાસ કરી ને પંચકર્મ થી સંશોધિત થયેલ શરીર ને ભોજ્ય પદાર્થ અગ્નિ ની સાપેક્ષે આપવા ના હોય છે.. યવાગૂ પચવામાં હલકી સ્વાદિષ્ટ અને સદ્યબલપ્રદ રહે છે.

સંકલન અને રજુઆત
ડૉ. ભાવેશ મોઢ 📱 9879072445
ગાંધીધામ - કચ્છ.

8:51 AM

VISIT…

LANZAROTE Caliente.com

यवागू યવ અથવા સેકેલા જવ નો લોટ કરતાં છ ગણાં પાણી માં પકાવવાથીજેબને એને યવાગૂ કહે છે, જે પંચકર્મ બાદ સંસર્જનક્રમ ના આહાર માં તથા ઇમરજન્સી મેડીસીનલ મેનેજમેન્ટ તરીકે પણ યવાગૂ ઉપયોગી થાય છે.

१• **दिपनीय** તથા ઉદરશૂલ માટે
पिप्पली , पिप्पलीमूल, चव्य, चित्रक, नागर થી બનાવેલ યવાગૂ

२• **पाचन** માટે
दधित्थ, बिल्व, दाडिम ના ફળ અને चांगेरी ના પાન છાશ સાથે બનતી યવાગૂ ગ્રાહી છે અને વાત્તજ વિકારો માં પણ સારી છે.

३• **पंचमूलिकी** યવાગૂ માં પંચમૂળ ના મૂળીયા લેવાય છે ગુણકર્મ ઉપરની યવાગૂ સમાન છે.

४• **પિત્તકફજ અતિસાર** માટે
शालपर्णी,बला,बिल्व,पृश्निपर्णि ના મૂળીયા તથા ખટાશ માટે દાડમ ના દાણા...

५• **રક્તાતિસાર** માટે
બકરી ના દૂધ માં અડધું પાણી મેળવી એમાં;
ह्रीबेर ,उत्पल नागर, पृश्निपर्णि થી બનતી યવાગૂ.

६• **સામ અતિસાર** માટે
अतिविषाम् ,नागरम् સાથે ખાટા દ્રવ્ય સાથે બનવાતી યવાગૂ

७• **मूत्रकृच्छ** માટે
श्वदंष्ट्रा, कण्टकारी ને फाणित મેળવી ને બનાવાતી યવાગૂ.

8:51 AM

८• **क्रिमिघ्नी** યવાગૂ
विडङ्ग, पिप्पलीमूल, शिग्रु, અને मरिच નાંખી तक्र થી બનાવેલ यवागूः માં सुवर्चिका મેળવી આપવી.
९• **पिपासाघ्नी** યવાગૂ
मृद्वीका, सारीवा, लाजा, पिप्पली, मधु, नागर थी બને છે.
१० • **विषघ्नी यवागू**
નં.9નીયવાગૂ માં सोमराजी મેળવતા બને છે.
११• सिद्धा वराह निर्यूहे यवागूः **बृहणी** मता
१२• **कर्षणी यवागू**
सेकेला गवेधुका थी બનેલ યવાગૂ ને माक्षिका= મધ સાથે લેવાથી.
१३• **स्नेहनी** યવાગૂ
ઘણાબધા તલ અને ઘી થી બનાવેલ યવાગૂ લવણ સાથે.
१४• **विरूक्षणी** યવાગૂ
कुश, आमलक,ના ક્વાથ માં श्यामाकानाम् थी બનતી યવાગૂ.
9:27 AM

१५• ***कासहिक्काश्वासकफापहा*** યવાગૂ તો
દશમૂળ કવાથ થી જ બને છે.
१६• **पक्कवाशयरुजापहा**
यमके ઘીઅનેતેલ સાથે मदिरा सिद्ध यवागूः
१७• **वर्चो-ભળ निरस्यति**
शाकैः मांसैः तिलैः माषैः सिद्ध યવાગૂ
१८• **सांग्राहिकी यवागू**
जम्ब्ब,आम्रास्थि, दधित्थ ,अम्ल बिल्व थी બનતી..
१९• **भेदनी** યવાગૂ
क्षार ,चित्रक, हिंगु ,अम्लवेतस थी બનતી.
२०• **वातानुलोमनी**
अभ्या, पिप्पलीमूल, बिल्व थी બનતી
२१• **घृतव्यापत् आदि नाशिनी** યવાગૂ માટે નં.
20 ને
तक्रसिद्ध કરી ને બનાવતી યવાગૂ 9:27 AM

२२• **तैलव्यापदादि** ના નાશ માટે ની યવાગૂ માં
पिण्याक તલ ના ખોળ અને છાશ થી બનાવેલ
યવાગૂ ઉપયોગી છે
२३• **विषमज्वरनाशिनी** યવાગૂ
गव्यमांसरस અને ખાટાં દ્રવ્ય થી બનેલ
२४•कण्ठया યવાગૂ
यव, यमके,पिप्पली,आमलक થી બનતી યવાગૂ
२५• रेतोमार्गरुजापहा યવાગૂ
નં. 24 ने ताम्रचुडरसे 🐔 કુકડા ના માંસ थीसिद्ध
કરવાથી બને છે.
२६• वृष्या યવાગૂ
माषविदला-અડદ ની દાળ ને ઘી અને દૂધ માં
પકાવી ને બને છે
२७• **मद विनाशिनी** યવાગૂ
उपोदिका અને દહીં થી બનતી.
२८• **क्षुधम् हन्यात्**
अपामार्ग, क्षीर, गोधारस થી બનતી યવાગૂ.

अष्टविंशतिः इतिः एता यवागूः परिकीर्तिता કહી
છે...
9:27 AM

1.पिप्पलीमूलं

પીપરીમૂલ ને ગુજરાતી માં ગંઠોડા કહે છે..
ગુજરાત માં દાહોદ અને નવસારી પાસે ગણદેવી
માં પીપર કુદરતી રીતે સંવર્ધન ને પામે છે પણ
એના મૂળ ઝીણાં દોરી જેવા હોય છે જે ઔષધીય
ઉપયોગ માટે નિમ્નતર છે... મદ્રાસ તરફ થી મોટાં
મૂળ ના ગંઠોડા આવે છે... ગંઠોડા જેમ મોટા એમ
એની કિંમત વધુ .. 0.. 1... એવા ગ્રેડીંગ કરી ને
બજાર માં વેચાણ થાય છે..

પીપર ઝડપી ભેજ ચુસી ને ખરાબ થાય છે એમાં
જીવાત પણ પડે છે જ્યારે ગંઠોડા લાંબા સમય
સુધી ભેજ અને જીવાત મુક્ત રહે છે..
જે ગંઠોડા ને સુંઘતા છીંકો આવે એ શ્રેષ્ઠ
સમજવા.. પરમ શ્રમહર દ્રવ્ય છે વાતશામક સાથે
મન પણ શાંત કરે છે જેથી નિદ્રાપ્રદ છે..

ચરકે લાંબા સમય સુધી પીપર ક્ષાર લવણ નું સેવન
ના કરવા કહ્યું છે બાકી ગંઠોડા લાંબા સમય સુધી
લઇ શકાય છે...

8:18 AM





पिप्पलीमूलं

ગંઠોડા


PIPLAMOOL
BIG SIZE GHANT WALA
7MM - 13MM
NO. 1 GOLE
6MM - 13MM
4 5 6 7 8 9 10 11 12 13

2.. चव्य
જે ચાવવા માં શ્રેષ્ઠ અને રૂચિકર છે..
ચવ્ય - ચવક વિશે કેટલાંક મતમતાંતર છે..
બંગાલ-બિહાર માં સામાન્ય પ્રજા પણ ચવક નો ઉપયોગ રસોઇ અને વ્યંજનો માં છૂટ થી કરે છે. એમ છતાં આયુર્વેદ વર્ણિત ચવક તરીકે Piper Chaba લેવી કે પછી Scindapsis Officinalis એ વિષય મતભેદ છે.
ચવક તરીકે વેલ ના સૂકાં પ્રકાંડ જ વેચાય છે. જયારે એનું ફળ બે ઇંચ થી પણ વધુ લાંબુ હોય છે જેને गजपिपर કહે છે.
Piper Chaba શ્રી બાપાલાલ ગ.વૈદ્ય ના મતે ચવ્ય-ચવક છે. એના પાન ખરત્વ યુક્ત છે. ફળ પાકતાં લાલ થાય છે એટલે સૂકાં ફળ ભૂખરા કે બ્રાઉન દેખાય છે...
9:40 AM


Piper Chaba
चवक


Scindapsis Officinalis


3.. चित्रक

यद्वा चित्रमिव कायति । કાય શબ્દ થી જીવંત શરીર ની અગ્નિ સમજવા માં આવે છે.. સંસ્કૃત માં અગ્નિ ના જેટલા પર્યાય છે એટલા આ વનસ્પતિ ચિત્રક ના પર્યાય આપેલ છે.

ગુજરાતી માં ચિત્રો કહે છે જેનું વૈજ્ઞાનિક નામ Plumbago Zeylanica છે. જે સફેદ ફુલ નો ચિત્રક છે અને એની મૂળ ત્વક ચુર્ણ નો ઔષધી ઉપયોગ છે. લાલ ફુલ નો ચિત્રક ગુણ માં ઉતરતો છે અને આસમાની ફુલ નો ચિત્રક ઘણો સોફટ છે. જે બાગ બગીચા ની શોભા વધારે છે..

વાગ્ભટ્ટે રસાયનયોગ માં આસમાની ફુલ નો ચિત્રક સર્વશ્રેષ્ઠ કહેલ છે. પ્રાયશ ઔષધી યોગ માં સફેદ ફુલ નો ચિત્રક પ્રશસ્ત છે... શરદ પુર્ણિમા પછી એના મૂળ ગ્રહણ કરવા જોઇએ...

પીપર, પીપરીમૂલ, ચવક, ચિત્રક, અને સૂંઠ આ પાંચ દ્રવ્યો ને રાજનિઘંટુ માં પંચકોલ કહેવાયા છે. જેની યવાગૂ દિપનીય તો છે જ સાથે શૂલઘ્ન એટલે કે ઉદરશૂલ ના દર્દી ને ઇમરજન્સી મેનેજમેન્ટ તરીકે પણ ઉપયોગી થાય છે.


Plumbago
Zeylanica


Plumbago
Indica - પવી

चित्रक


ચિત્રા નાં મૂળીયાં


Plumbago
Capensis Blue

4..दधित्थ

दधिवर्णो द्रवः तिष्ठति अस्मिन् इति ।
પાકા કોઠા ની ફલમજ્જા દહિં જેવા વર્ણ - ગંધ અને સ્વાદ ની હોવા થી એને દધિત્થ કહે છે..
જેનું વૈજ્ઞાનિક નામ Feronia Elephantum છે.
ચરકે કોઠા ની ફલમજ્જા ને અરૂચી નાશક તથા દદ્રુ જેવા ખુજલી યુક્ત ચર્મ રોગ ના યોગો માં છૂટ થી વાપરેલ છે...
અથર્વવેદ માં કોઠા ના મૂળ ને શુક્રલ અને બલ્ય કહે છે... વાનર🐒🦍 નું પ્રિય ફળ છે એટલે એને કપિત્થ પણ કહે છે. આધુનિક તબીબી વિજ્ઞાન ની દ્રષ્ટિએ કપિત્થમૂલ નું ચુર્ણ દમ- શ્વાસ ના દરદીઓ માટે ઉત્તમ સિદ્ધ થયેલ છે.. અમ્લ રસ થી વાયુ નુ શમન કરે છે...

12:20 PM





Feronia
Elephantum
दधित्थ
કોઠું

5..चांगेरी
સંવૃત એટલે ગોળકાર ના અર્થ માં વપરાતો મૂળ
શબ્દ चीय पर थी चाङ्ग = चीयते इति અને જેના
પાન સંવૃત છે એવી વનસ્પતિ चाङ्गं ईरयतीति
એટલે चाङ्गेरी...
જેનું વૈજ્ઞાનિક નામ Oxalis Corniculata છે.
ચાંગેરી ના પાન નો સ્વરસ ઔષધી તરીકે વપરાય
છે... એમાં સિદ્ધ કરેલ ઘી યોનીભ્રંશ તથા ગુદભ્રંશ
માટે ઉત્તમ ગણાય છે.. એકલો પાન નો તાજો રસ
ધંતુરા ની ટોક્ષિસીટી માટે એન્ટીડોટ નું કાર્ય કરે
છે.. તમામ જાત ના નશા ઉતારવા અમ્લરસ યુક્ત
દ્રવ્ય પ્રશસ્ત હોય છે...
12:30 PM

Oxalis Corniculata
चांगेरी

6..दाडिम
જેના ફળ પાકતાં ફાટી જાય છે એટલે દાડિમ..
ગુજરાતી માં પણ એને દાડમ જ કહે છે જેનું
વૈજ્ઞાનિક નામ Punica Granatum છે.
पितश्लेष्मातिसार માં ઉપયોગી યવાગૂ માં દાડમ ને
વાપરેલ છે મધુર અમ્લ કષાય રસ નું મિશ્રણ વાળુ
આ ફળ અરૂચી તો દૂર કરે જ છે સાથે તૃપ્તિકર
પણ છે.
9:13 PM



Punica
Granatum
दाडिम
દાડમ



7.. **ह्रीबेर**
ह्रिये लज्जायै वेरङ्गमस्य
છોડ ના સુંગધીતમૂળીયા અને નાજુક પંચાંગ પર થી એને આ નામ અપાયેલ છે.. થોડુંક સંદિગ્ધ છે પણ માનનીય યાદવજી ત્રિકમજી મહારાજ અને શ્રી બાપાલાલ ગ.વૈદ્ય આ દ્રવ્ય પર ઘણો ઉહાપોહ રજુ કરી ને અંતે Coleus Vattiverioides જેને અત્યારે **Plectranthu Vattiverioides** ના વૈજ્ઞાનિક નામે ઓળખ કરાય છે. *તેલુગુ માં वेट्टिवर મલાયલમ માં ઇરવેંદી કહે છે* ગુજરાતી વૈદ્ય કદાચ આને **કાળાવાળા** તરીકે વાપરતાં હતા. રકતાતિસાર માટે ની યવાગૂ માં વપરાય છે એમ છતાં પિત્ત જયારે ઉષ્ણગુણ થી પ્રકોપ પામે અને આમ નો અનુબંધ હોય ત્યારે જવર, પિપાસા અને ગ્રહણી જેવા વિકાર માં આનું સિદ્ધ જલ ઉપયોગી થાય છે..
7:12 PM

Coleus Vattiverioids

ह्रीवेरम्

Iriweriya

ඉරිවේරිය

કાળોવાળો

8.. **उत्पल**

જે માંસલ નથી એ ઉત્પલ છે..

કમળ જે સવારે સુર્યોદય સાથે ખીલે છે અને પોયણાં જે રાત્રે ચંદ્રોદય સાથે ખીલે છે આ બંન્ને ની ના પૂર્ણ કળી અવસ્થા કે ના પૂર્ણ ખીલેલી અવસ્થા એટલે કે ખીલતી અવસ્થા ને ઉત્પલ કહેવાય છે.. આ અતિકોમળ પાંખડીઓ ધરાવતું પુષ્પ હોય છે.

જે વ્યાધિ વિકાર પિત્ત ના ઉષ્ણ ગુણ ના પ્રકોપ થી થયેલ હોય અને વાત નો પણ અનુબંધ હોય એવામાં ઉત્પલ વપરાય છે. ચરક ના દ્રષ્ટિકોણ થી ન્યુરોટીક પેઇન રીલીવર તરીકે પણ શ્રેષ્ઠ છે.





उत्पलम्





9.. **अतिविष**

જે વિષ માત્ર નું અતિક્રમણ કરે છે..
ગુજરાતી માં અતીવખ ની કળી એવું નામ
આપેલ છે જેનુ વૈજ્ઞાનિક નામ Aconitum
Heterophylum છે. આના મૂળીયા ને કીડા
જલદી ખાઇ જાય છે. બાળરોગ માં ઉત્તમ ઔષધ
છે.. ઔષધિ પ્રયોગ માં મૂળ વપરાય છે. જોકે
ચરકે ગ્રહણી અને આમાતિસાર માં છુટ થી વાપર્યુ
છે જવર ના ત્રણેક યોગ માં મર્યાદિત કરેલ છે.









अतिविष

Aconitum

Heterophyllum

અતીવખ ની કળી

9.. कंटकारि
कण्टकान् इयर्त्ति ऋच्छति वा
આને બેઠી ભોયરીંગણી કહે છે. જેના સુંદર પુષ્પો થી પ્રાણી માત્ર મોહ પામે છે પણ એનાં પર્ણ સહિત પ્રકાંડ પર કાંટા હોય છે એટલે કોઇ પ્રાણી એને અડકતુ નથી જેથી એ મૂર્તિવત્ રહે છે આથી કંટકારી...
આ વનસ્પતિ નો પરીચય પૂર્વે અપાયેલ છે.
फाणित એટલે કે અર્ધ પકવ ગોળ જેને આજે મૉલેસીસ કહે છે.. જેની સાથે કંટકારી ના મૂળ ત્વક ચુર્ણ ની યવાગૂ બનાવી મૂત્રકૃચ્છ માં પીવાય છે..
5:06 PM

10. सुवर्चिका
એક જાતનો ક્ષાર છે જે પ્રાચિન સમય માં પંજાબ ની પાસે આવેલ सुवर्चल देश માં વહેતી નદી ના પટ્ટ ની ખારી જમીન માં ઉગતાં કેટલીક જાતની વનસ્પતિઓ ને કાપી સૂકવી છ ફૂટ ઊંડી અને ત્રણ ફૂટ પહોળી ભઠ્ઠીમાં બાળવામાં આવે છે. ભઠ્ઠીની અંદર ત્રણ ચાર મોં બંધ ઊંધા ઘડા મૂકેલા હોય છે અને તેના ઉપલા ભાગોમાં છિદ્ર પાડેલ હોય છે. જેમ જેમ ઝાડવાં બળતાં જાય છે તેમ તેમ તેમાંથી રસ નીકળીને તે ઘડાની અંદર વહીને જામતો જાય છે.
આને જે પ્રદેશ ની પ્રજા પરંપરાગત રીતે બનાવતી એ પરથી सुवर्चिका કહે છે એના પરથી સાજીખાર નામ ગુજરાતી માં આવેલ છે.
સાજીખાર ને અંગ્રેજી માં Soda bi Carb કહે છે એની નિર્માણ વિધી ના પર થી...

તે પાચક, દીપન અને વાતહર હોઈ પેટચૂંક, આફરો,ગુલ્મ તથા પેટનાં કેટલાંક દરદોની અંદર તે વપરાય છે. તેથી જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે, ભૂખ લાગે છે અને પેટની અંદર નું શૂળ બંધ થાય છે.
અહીં પેટ ના કૃમી દૂર કરવાની ચવાગુ માં વાપરેલ છે ઉપયોગી છે.
5:13 PM

11.मृद्विका
मृदु + इकान्
જે સ્પર્શ માં પોચી- કોમળ હોય છે આથી
મૃદ્વિકા...
લીલી દ્રાક્ષ તરીકે આપણે જાણીએ છીએ પૂર્વે
એનો પરીચય દ્રાક્ષા તરીકે અપાયેલ છે...
આયુર્વેદ ના શાસ્ત્રીય યોગ માં જ્યાં દ્રાક્ષા શબ્દ
છે ત્યાં કિશમીશ એટલે કે સુકી દ્રાક્ષ લેવાની છે
અને જયાં मृद्वीका શબ્દ છે ત્યાં લીલી તાજી દ્રાક્ષ
લેવાની છે. અહિંયા મૃદ્વિકા ને તરસ છીપાવનાર
કે વારે વારે મોઢું સુકાઇ જતુ હોય એવા દર્દી માટે
બનાવવા ની ચવાગૂ માં ઉપયોગી બતાવેલ છે...
લીલી દ્રાક્ષ માં ઑકઝેલીક એસીડ નું પ્રમાણ સારૂ
છે...
5:26 PM

12. **सारिवा**
જે વેલ માત્ર સરકે જ જાય છે એને સારિવા કહે છે .. ગુજરાતી માં ઉપલસરી તરીકે ઓળખાય છે.. એનું વૈજ્ઞાનિક નામ **Hemidesmus Indicus** છે પણ મોટાભાગે તો એના અંગ્રેજી નામ Indian Sarsaparilla થી જાણીતી છે .. पिपासाघ्नी यवागूः માં પ્રયોજેલ છે..
દૂષીવિષ કે ગરવિષ થી રક્તદુષિત થઇને થતાં ચર્મવિકારો કે અન્ય વ્યાધી માં ઘણી મહત્વ ની ઔષધી છે..
આ વનસ્પતિ ના મૂળીયા સુગંધીત હોય છે એની મૂલત્વક ને સૂકવી ને ચૂર્ણ નો ઉપયોગ કરાય છે.. બહું ઉકાળવાથી એના ઔષધી ગુણો નાશ પામે છે એટલે..આનો ફાંટ કલ્પ શ્રેષ્ઠ છે...
सारिवा થી શ્વેત સારીવા લેવી.. કૃષ્ણ સારીવા એ એ બીજી પ્રજાતી છે...
5:48 PM





Hemidesmus
Indicum
सारिवा
ઉપલસરી





13.. लाजा
જે સેકાવાથી ફૂટે છે અથવા ફુલે છે એને લાજા એટલે કે ધાણી કહે છે..
ડાંગર (ચોખા), જુવાર ,મકાઇ જેવી વનસ્પતિઓ ના બી તથા કમળકાકડી ની સારી ધાણી ફુટે છે...
આયુર્વેદ ચિકિત્સા યોગ માં લાજા થી ચોખા ની ધાણી એટલે કે મમરા જ લઇ શકાય પણ વિદ્વાનો જુવાર ની ધાણી લે છે... પિપાસાઘ્ની યવાગૂ માં વપરાયેલ દ્રવ્ય છે. સુપાચ્ય છે..

6:04 PM





લાજા

મમરા

ધાણી



14.. सोमराजी
सुप्रसवैश्वर्य्ययोः + मन् = सोमम्
सोमेन राजते इति सोमराजी
ગુજરાતી માં જેને બાવચી કહે છે. જેનું વૈજ્ઞાનિક નામ Psoralea Corylifolia ઔષધિ પ્રયોગ માં બાવચી ના બી વપરાય છે જેમાંથી તેલ કાઢી ને પણ વપરાય છે બાવચી ના બી ને સાત દિવસ સુધી ગૌમૂત્ર માં પલાળી રાખવી... દરરોજ ગૌમૂત્ર ને બદલાતા રહેવું સાત દિવસ પછી એને છાયા શુષ્ક કરી એના બીજ પર થી ફોતરાં કાઢી એનું ચુર્ણ વાપરવું.. અહિંયા विषघ्नी यवागू માં પ્રયોજેલ છે.. વિષ એટલે દૂષીવિષ કે ગરવિષ સમજવું...
બાવચી ના બદલે તકમરિયાં મરવા કે જંગલી તુલસી અને કયારેક કયારેક કલોંજી એટલે કે ડુંગળી ના બી પધરાવી દેવાય છે... સાદુ પરીક્ષણ કરવા બી ને એક રાત પાણી માં પલાળી રાખવા ચીકણો લુવાબથાય અને બીજ ફુલી જાય તો બાવચી ના નથી એમ જાણવું...
6:29 PM

Psoralea
Corylifolia
सोमराजी
બાવચી

17.. गवेधुका
गवेगवार्थधीयतेइति गवेधुः
गवेधुः इव कायतीति गवेधुका
ધાર્મીક ક્રિયાકાંડ માં આ ઘાસ વર્ગ ની વનસ્પતિ ના બીજ ને **વૈજયંતી** કહે છે. ગુજરાતી માં જેને **કસઇ** કહે છે. જેનું વૈજ્ઞાનિક નામ **Coix Lacryma** છે. આના બીજ ને શેકી ને ચુર્ણ કરી ને પણ વપરાય છે તથા એનાં મૂળીયા પણ વપરાય છે. વિરૂક્ષણી યવાગૂ માં આનો ઉપયોગ કરાયેલ છે.

9:13 PM


Coix
Lacryma
गवेधुका
કસઇ
वैजयंती

18.. **तिल**

જેના બીજ માંથી વધુ તેલ નીકળે છે અને તે શરીર ના દરેક અંગ અવયવ નું સ્નેહન કરે છે માટે તિલ.

ગુજરાતી માં પણ **તલ** જ કહેવાય છે જેનું વૈજ્ઞાનિક નામ **Sesamum Indicum** છે.

કાળી અને ધોળી બે જાત થાય છે પણ ઔષધિય ઉપયોગ માં કાળા તલ પ્રશસ્ત મનાયા છે




Sesamum
Indicum
तिल
તલ




19.. **कुश**
कु पापं श्यति नाशयति ।
कु + शो + डः ।
यद्वा कौ भूमौ शेते राजते शोभते इत्यर्थः।
આ ઘાસવર્ગ ની વનસ્પતિ નું વૈજ્ઞાનિક નામ **Desmostachya Bipinnata** છે. આ વનસ્પતિ માં જે કુમળુ હોય છે એટલે **ह्रस्व** પ્રજાતી ને **કુશ** કહે છે.. પણ આ વનસ્પતિ **પરીપકવ** થતાં એના પાન થી આંગળાં પણ કપાઇ જાય એવી તીક્ષ્ણ ધાર ધરાવે છે જેને **દર્ભ** કહે છે ગુજરાતી માં દાભડો કહેવાય છે ધાર્મિક અનુષ્ઠાન માં સુકા દર્ભ નો ઉપયોગ કરાય છે. સુકાયેલ દર્ભ તીક્ષ્ણ હોતો નથી.. ઔષધિય પ્રયોગ માં આ વનસ્પતિ ના મૂળીયા લેવાય છે . विरूक्षणी यवागू માં વાપરેલ છે...

9:55 PM









कुश
Desmostachya
Bipinnata
દાભડો

20..अम्ला
જે મલ (જામેલી ચીકાશ) ને અતિશિઘ્રતા થી દૂર કરે છે.
अम्ला થી કોઇ ખટાશ યુક્ત દ્રવ્ય કાંજી કે છાશ કે પછી આમળાં, આંમલી , બીજોરૂ કે લીંબુ કે એવા કોઇ ફળ ની ખટાશ યવાગૂ માં નાંખવાની હોય છે..
 એકઝેટ કયુ વાનસ્પતિક દ્રવ્ય છે તે સ્પષ્ટ થતુ નથી...
9:13 AM

21.. **श्यामाकानाम्**
જે ચોખા ની જાત શ્યામ કે કાળી દેખાય છે એ શ્યામાકાનામ્..
ગુજરાતી માં આને **સામો** કહે છે.. જે કુદરતી રીતે ઉગતી જંગલી પ્રજાતી છે જેનું વૈજ્ઞાનિક નામ **Echinochloa Frumentacea** છે..આ સામો ભાદરવા સુદ પાંચમ ના દિવસે ખાસ ખાવા માં આવે છે જેને સામા પાંચમ કહે છે... મરાઠી માં **સાઉ** તરીકે ઓળખાતી આજ પ્રજાતી ને ગુજરાતી માં **મોરચો** કહેવાય છે એના દાણા થોડા પીળાશ પડતાં સફેદ હોય છે..
विरूक्षणी यवागू માં વપરાયેલ છે..

11:04 AM





Echinochloa
Frumentacea
श्यामाकानाम्
સામો





22..माष

વૃદ્ધિ કે ચય કરનાર ના અર્થ માં વપરાતો મૂળ શબ્દ મષ પર થી માષ...

ગુજરાતી માં જેને અડદ કહે છે ..

જેનુ વૈજ્ઞાનિક નામ Vigna Mungo છે...

મળ નિસારક યવાગૂ માં અડદ વાપરેલ છે તથા વૃષ્ય યવાગૂ માં माष विदला એટલે કે અડદ ની ફોતરાં વિના ની દાળ.

11:39 AM





Vigna
Mungo
माष
અડદ

23..जम्बब
જમવા ના અર્થ માં વપરાતો મૂળ શબ્દ જમ્ પર થી જમ્બબ આવેલ છે... જે નો સ્થુળ અર્થ ખાટા હોવા છતા મધુર અને કષાય સ્વાદ ના હોવાથી જે ખવાતા જવાય છે એટલે જમ્બુ ...
ગુજરાતી માં જેને જાબું કહે છે વૈજ્ઞાનિક નામ Syzygium cumini છે.. મધુર અમ્લ કષાય રસ પ્રધાન હોવાથી સંગ્રાહી યવાગૂ માં વપરાયેલ છે...


Syzygium Cumini
जम्बब
જાંબુ

24..आम्रस्थि
आम्र = अम्यते अम गत्यादौ अमितभ्योदीर्घश्चेति रक् दीर्घश्च फलवृक्षविशेष:
अस्थि = अस्यते क्षिप्यते यत्
આને ગુજરાતી માં કેરી ની ગોટલી કહીએ છીએ... જેનો પાઉડર કષાય તિક્ત મધુર છે સાંગ્રહીક યવાગૂ માં વાપરેલ છે. આંબા નું વૈજ્ઞાનિક નામ Mangifera Indicum છે..

6:06 PM




Mangifera
Indicum
आम्र
આંબો




25.. **क्षार**
ખવાણ કે ખોતરવા ના અર્થ માં વપરાતો શબ્દ
क्षर् પર થી क्षार
આયુર્વેદ ચિકિત્સા માં ત્રણ જાત ના क्षार મુખ્ય
છે... 1.સાજીખાર 2. જવખાર 3.ટંકણખાર
અહિંયા જવખાર કે यवक्षार થી ભેદની યવાગૂ
બનાવાની છે...

તે જવનાં તાજાં પાન કે જવના ઘાસને બાળીને....
આજે આખા જવ ને પણ અર્ધ પકવ કરી ને
સુકવી બાળી... રાખ ને પાણીમાં ઓગાળી ; પાણી
નિતારી લઇ તેને ઉકાળવાથી વાસણ ના તળીયે
જવખાર ના પોપડા જામેલા મળે છે.
જવખારનો ભૂકો સહેજ ખટાશ ઉપર હોય છે. તે
ઉષ્ણ, દીપન અને કફઘ્ન તરીકે કફ, ખાંસી, શૂળ,
ગુલ્મ, ઉદરરોગ, અરુચિ, અજીર્ણ, બરોળ તથા
મૂત્રરોગ ઉપર અપાય છે. ખાંસી ઉપર તે પાનનાં
બીડાંમાં અપાય છે.

6:07 PM





यवक्षार
જવખાર





26.. **हिंगु**
हि એટલે શિઘ્રતા અથવા શિઘ્ર ઉડ્યનશીલ તત્વ દર્શાવવા ના અર્થ માં વપરાય છે હિङ् શિઘ્રતા થી નાશ કરવા ના ભાવાર્થ માં વપરાય છે... રતાશ પડતા રંગ ની ઉષ્ણ તિક્ષણ ઉગ્રગંધી વાનસ્પતિક મૂળ નો નિર્યાસ જે **वाह्लीक** (પૂર્વ ઇરાન - અફઘાન) દેશ માંથી આયાત કરવા માં આવતો... આ નિર્યાસ માં ઘઉં નો લોટ મેળવી ને બાંધા ની હિંગ રૂપે વેચાણ કરાય છે...
Ferula Alliacea જેનો મૂળ નો નિર્યાસ *હિંગુલ* ના વર્ણ જેવો દેખાય છે આ આયુર્વેદિક ચિકિત્સા માં વપરાતી **हिङ्गु** છે.

જયારે **Ferula Foetida** એ ગુંદર છે એને ગુજરાતી માં **હિંગડો** કહે છે..
ઘઉં ના લોટ ના મિશ્રણ વાળી **બાંધા ની હિંગ** સામાન્ય રીતે **Asafoetida** ના નામે જાણીતી છે...
भेदनीय यवागू માં હિંગ વપરાય છે..   6:07 PM


Ferula
Alliace


Ferula
Foetida


Asafoetida
બાંધા ની હિંગ


हिङ्गु
હિંગ


હિંગડો

27.. **अम्लवेतस**
જેના ફળ ખાંટા છે પણ પર્ણો ઘણા લાંબા પહોળા હોય છે..
આના ફળ ખટાશ ના કારણે ઉપયોગી થાય છે .. કુચ બિહાર અને બંગાલ ની પ્રજા રોજીંદા ખાદ્ય માં આનો ભરપુર ઉપયોગ કરે છે ત્યાં તેને थैकल કહે છે વૈજ્ઞાનિક નામ **Garcinia Pendunculata** છે. ભેદનીય યવાગૂ માં વાપરેલ છે...

6:19 PM





Garcinia
Pendunculata
अम्लवेतस



28.. **उपोदिका**
उपाधिकम् उदकम् अस्याम् ।
ગુજરાતી માં જેને **પોઇ** કહે છે જેનું વૈજ્ઞાનિક નામ Basella rubra છે. આ પોઇ ના પાના ની ભાજી **મદ વિનાશીની** યવાગૂ માં દહીં સાથે અપાય છે.
6:34 PM





Basella
Rubra
उपोदिका
પોઇ

